

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મા લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

સમગ્ર ગુજરાત રાજ્યમાં હાલમાં શાળા પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે જેને અનુરૂપ લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં શુક્રવારના રોજ પ્રવેશોત્સવ યોજાયો હતો. શાળા પ્રવેશોત્સવ દેરોલ સી.આર.સી. જીજ્ઞેશભાઈ સુથારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રવેશોત્સવમાં ૧૫ બાળકોને રમકડાં, ચોપડી આપી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. દાતાઓ દ્વારા બાળકોને નોટ, પેન આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળા એસ.એમ.સી. પ્રમુખ વિવેકભાઈ પટેલ, સરપંચ આનંદીબેન પટેલ સહીત વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ ખાતે બાવન ગોળ પંચાલ સમાજ દ્વારા ચોપડાનું વિતરણ

સાબરકાંઠા જિલ્લાના બાવન ગોળ પંચાલ સમાજ દ્વારા સમાજના ભુલકાઓ તથા કોલેજમાં અભ્યાસ કરતાં બાળકોને નોટબુકો તથા ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ તથા તાલુકામાં આવેલ બાવન ગોળ પંચાલ સમાજના પાંચ થી કોલેજ સુધી અભ્યાસ કરતાં બાળકોને નીચે મુજબના સંપર્ક સ્થળો ઉપરથી નોટબુક, ચોપડા, લંચબોક્સ, કંપાસ વગેરે અભ્યાસ અર્થે જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં રાજેશભાઈ અંબાલાલ પંચાલ, બહેચરભાઈ પંચાલ, ધનજીભાઈ અંબાલાલ પંચાલ, વિષ્ણુભાઈ અંબાલાલ પંચાલ, જ્યારે બાકી રહેલ વિદ્યાર્થીઓએ પણ ઉપરના સમાજના પદાધિકારીઓનો સંપર્ક કરી સમાજના વિદ્યાર્થીઓએ માર્કસીટની ઝેરોક્ષ આપી મેળવી લેવા આગ્રહ કરવામાં આવ્યો છે.




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## આઈશર-ડમ્પર વચ્ચે અકસ્માતમાં એકનુ મોત

અરવલ્લી જિલ્લામાં દિવસે ને દિવસે અકસ્માતોની સંખ્યામાં વધારો થતો જાય છે ત્યારે આજે વહેલી સવારે બાયડ તાલુકાના વાત્રક નજીક આવેલ વળાંકમાં એક પર પ્રાંતીય આઈશર અને કપચી ભરેલા ડમ્પર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના વાત્રક ગામે આવેલ વળાંકમાં આજે સવારે ૭ એક વાગ્યાના સુમારે બાયડ બાજુથી આવતી એક પર પ્રાંતીય આઈશર અને વાત્રક તરફથી કપચી ભરીને આવતા ડમ્પર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો ત્યારે આ અકસ્માતનો ધડાકાભેર થયેલ અવાજના કારણે આજુબાજુથી ગામ લોકો દોડી આવ્યા હતા. જયારે આ અકસ્માત સમયે ત્યાંથી પસાર થઈ રહેલ સેનાના જવાનો ધ્વારા આ અકસ્માતને જોઈને તરત જ બચાવ કામગીર શરૂ કરી દીધી હતી. જયારે આ અકસ્માત એટલો બધો ભયાનક હતો કે આ અકસ્માતમાં આઈશર ચાલક પાનીપત હરીયાણાના રહેવાસી સતપાલ સિંહનુ ઘટના સ્થળ પર જ મોત કમકમાટીભર્યુ મોત નીપઝયુ હતુ. જયારે આ અકસ્માતની જાણ થતાં જ બાયડ પીએસઆઈ દેસાઈ ઘટના સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને તરત જ ટ્રાફીક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી. પરંતુ તેમ છતાં નેશનલ હાઈવેના કારણે લાંબો ટ્રાફીક જામ થઈ ગયો હતો.

## અરવલ્લીમાં ખેડૂતોને ૧૬ કલાક વીજળી આપવા મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ

(સમીર બલોચ) મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ, ભીલોડા, ધનસુરા, બાયડ તથા મોડાસા તાલુકાના મેઢાસણ, ટીંટોઈ, શિણાવાડ, ડુગરવાડા, રેલ્લાવાડા, ઈસરી, ખેરંચા પંથકના ખેડૂતો કપાસની ખેતી પર નભે છે. ગત વર્ષે વરસાદ ઓછો થતા સમગ્ર પંથકમાં તળાવો કૂવાઓમાં પાણી સુકાયા છે. આ વિસ્તારના ખેડૂતોને નર્મદાના પાણીનો લાભ મળતો નથી ત્યારે ખેડૂતોને કપાસની ખેતી ઉગાડવા માટે બોરમાંથી પાણી ખેંચવા માટે સમયસર અને નિયમ મુજબ આઠ કલાક વીજળી પુરતી મળતી નથી ત્યારે સમગ્ર ખેડૂત આલમમાં માંગણી ઉઠી છે કે ખેડૂતોને ૧૬ કલાક વીજળી આપો. આ વિસ્તારના ખેડૂતો દેવાના ડુંગરમાં સપડાયા છે પાક નિષ્ફળ, વાવાઝોડુ તેમજ વારંવાર કમોસમી વરસાદથી ખેડૂત પાયમાલ થયો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા કોઈપણ જાતની સહાય ચુકવવામાં આવેલ નથી. તેથી ખેડૂતોમાં રોષ જોવા મળેલ છે. મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં નર્મદાના પાણી આપવા માટે મુખ્યમંત્રીએ જાહેરાત કરેલ છે. ત્યારે ઉત્તર ગુજરાતના ખેડૂતને પાણીના બદલે ૧૬ કલાક વીજળી આપવા અરવલ્લી જિલ્લાના કોંગ્રેસના અગ્રણી અને અરવલ્લી જિલ્લા પંચાયતના વિરોધપક્ષના નેતા અરૂણભાઈ પટેલે મુખ્યમંત્રીને લેખીતમાં રજુઆત કરી માંગણી કરેલ છે.





## મેઘરજના પટેલ ઢુંઢા ચોકડીથી લીંભોઈ તરફના રોડનું સમારકામ કરાવવા પ્રજાજનોની માંગ

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં સૌથી વધુ વસતી આદિવાસી સમાજના લોકોની છે. મેઘરજના અંતરિયાળ ગામડાઓમાં જવાના માર્ગ પર બનાવેલા ડામરના રોડની સ્થિતિ દયજનક બની છે છતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેઘરજ તાલુકાની ઉપેક્ષા કરવામાં આવી રહી હોય તેવું મેઘરજ તાલુકાના અંતરિયાળ માર્ગોમાં પડેલા મોટા ખાડાઓનું કોઈ જ નિરાકરણ આવતું નથી આથી મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારના પ્રજાજનો રોડ પર પડેલા મોટા મોટા ખાડાઓથી તોબા પોકારી ઉઠયા છે. આવનારા ચોમસાના સમયમાં ખાડાઓમાં પાણી ભરાઈ જવાની સંભાવના હોવાથી અજાણ્યા વાહન ચાલકો માટે રોડ પરના મોટા ખાડાઓ ખતરારૂપ બની શકે છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને જવાબદાર તંત્ર આ વિષયની ગંભીરતા સમજી જલ્દીથી રોડનું સમારકામ હાથ લેશે તેવું આ પંથકના પ્રજાજનો ઈચ્છી રહ્યા છે. (તસવીર : મુકેશ ડામોર)

## પત્નીનું ઢીમ ઢાળી દેનાર પતિને આજીવન કેદની સજા

### વહેમી પતિએ ગળાના ભાગે લાકડુ ઘુસાડી હત્યા કરી હતી

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલલા ના મોડાસા તાલુકા ના જુના વડવાસા ગામે રહેતા નરેશભાઈ મંગાજી ખાંટ નુ મોડાસા તાલુકા ના ખુમાપુર ગામે રહેતી કોમલબેન જોડે ધાધુમ થી લગ્ન થયા હતા પરંતુ લગ્ન ના એક વર્ષ પછી આ બન્ને ના લગ્ન જીવન મા કોઈ અગમ્ય કારણસર તકરાર ઉભી થઈ હતી અને તયારબાદ કોમલબેન ને તેના પરિવાર વાળા તેના ઘર પીયર માં લઈ ગયા હતા ત્યારે તા.૨૧.૪.૧૩ ના રોજ આ હત્યારો પતી કોમલબેન ના ગમ ખુમાપુરે ગયો હતો ત્યારે તે સમયે કોમલબેન ગામ માં આવેલા પુથ્વીસિંહ ના ખેતર માં કુવા પર કપડા ધોવા ગયેલ હતા ત્યાર બાદ તેનો પતિ નરેશભાઈ પણ ત્યાં ગયો હતો જયારે પોતાની દીકરી ને કુવા પર થી આવતા મોડુ થઈ જવાને કારણે તેની માતા તારાબેન પણ ખેતર માં દોડી ગયા હતા અને તારા બહેન ને જોઈ તેમનો જમાઈ નરેશભાઈ ભાગી છુટયો હતો ત્યારે આ અંગે તારાબેન ને શંકા જતાં કુવા પર જઈ જોતા તેમની દીકરી ને ગળા ના ભાગે લાકડુ ઘુસાડી દઈ મોત નીપજાવ્યુ હતુ અને દીકરી ને લોહીલુહાણ હાલત માં મોત નીપજેલુ જોઈ દંગ રહી ગયા હતા જે અંગે હત્યા નો ગુનો મોડાસા રૂરલ પોલીસ સ્ટશેન માં નોધારયો હતો જે અંગે મોડાસા પોલીસે મોડાસા ની એડીશનલ સેસન્સ કોર્ટ માં ચાર્જસીટ દાખલ કરી હતી જે અંગેનો કેસ ચાલી જતા મોડાસા એડીશનલ સેસન્સ કોર્ટ ના જજ બી.જે.ભટ્ટ ની કોર્ટ માં આ કેસ ચાલી જતા સરકારી વકીલ ડી.એસ પટેલ ની દલીલ ના આધારે એડીશનલ સેસન્સ કોર્ટ ના જજ બી.જે.ભટ્ટે આ ૩૦૨ ના કેસ માં હત્યારા પતિને આજીવન કેદ ની સજા ફરકારી રૂપીયા ૧૦૦૦ હજાર નો દંડ ફટકાર્યો હતો અને જો દંડ ના ભરે તો છ માસ ની બીજી કેદ ની સજા ફટકારી હતી આમ પોતાની દીકરી ના હત્યારા પતિને આજીવન કેદની સજા જાહેર થતાં પરિવાર જનો એ કોર્ટ ના આચુકાદાને આવકાર્યો હતો.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

## માલપુર તાલુકામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

શાળા પ્રવેશોત્સવ-૨૦૧૫ અંતર્ગત માલપુર તાલુકામાં આજે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આંગણવાડીના બાળકોને રમકડા, તેજસ્વી તારલાઓને ઈનામ અને બાળકો શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. તેમજ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રવેશોત્સવમાં માલપુરના ફતેપુરા, જાલમખાંટ, પટેલવાસ અને ઉભરાણ ગામની શાળામાં બાળકોને ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસદીય સચિવ રણછોડ રબારીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે બાળકોની ચિંતા કરી બાળકોના અભ્યાસ માટે શાળાઓમાં મફત શિક્ષણ સહિતની તમામ સુવિધાઓ આપવામાં આવે છે અને એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે ત્યારે એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. વધુમાં દરેક વાલીઓ પોતાના બાળકને શાળાએ મોકલવા જોઈએ તેઓ અનુરોધ પણ કર્યો હતો. આ કાર્યક્રમમાં સરપંચ રામાભાઈ ખાંટ સહિત અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## અરવલ્લીમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ મહોત્સવ કાર્યક્રમ-૨૦૧૫ની ઉજવણીના ભાગરૂપે માલપુર તાલુકાના માલપુર, ચોરીવાડ અને પુંજારાની મુવાડીની પ્રાથમિક શાળાઓમાં દફતર તથા શૈક્ષણિક કીટ આપીને સંસદીય સચિવ રણછોડભાઈ રબારીના હસ્તે ૨૧ કન્યાઓ તથા ૨૬ કુમારો કુલ મળી ૪૭ બાળકોનું ધોરણ-૧માં નામાંકન કરાવવામાં આવ્યું હતું.

સંસદીય સચિવશ્રીએ વાલીઓ અને શિક્ષકો શિક્ષણ પ્રત્યે જાગૃત બનવા અપીલ કરી હતી. તેમણે બાળકો સારૂ શિક્ષણ પ્રાપ્ત કરી ભવિષ્યમાં સમાજમાં આગવું સ્થાન મેળવી રાજ્ય અને દેશનું ગૌરવ વધારે તેવા આર્શિવચન પાઠવ્યા હતા. તેમણે શિક્ષણને વિકાસની ધોરી નસ ગણાવી શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે બાળકોના અભ્યાસની રાજ્ય સરકાર ચિંતા કરતા હોવાનું જણાવી રાજ્યના વિકાસમાં સહભાગી થવા વાલીઓને અપીલ કરી હતી.

આ પ્રસંગે ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર ૨૧ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ સચિવશ્રીના હસ્તે આપવામાં આવ્યા હતા. જ્યારે ધોરણ ૩ થી ૫ ના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર પ્રોત્સાહક ઈનામ રૂપે પુસ્તક આપવામાં આવ્યા હતા. ઉપરાંત આંગણવાડી કેન્દ્રમાં ભુલકાઓને રમકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ કાર્યકર બહેનોને બાળકો માટે પોષણક્ષમ આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પાલનપુર સરપંચ આશાબેન મહેતા, તાલુકા વિકાસ અધિકારી જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો, ગ્રામજનો વાલીઓ શિક્ષણ સ્ટાફ તથા નાના ભૂલકાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : જય અમીન, મોડાસા)

## ધનસુરા બીટગાર્ડનો ફોલ્ડર ૩૫૦ની લાંચ લેતો આબાદ રીતે ઝડપાયો

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલ્લામાં વિરપન્નોનો ત્રાસ એટલો બધો વધી ગયો છે કે આ વિરપન્નો ધ્વારા ધોળે દિવસે વૃક્ષોનુ નિકંદન કરી નાખવામાં આવે છે અને આ વીરપન્નોની આટલી બધી હિંમત પાછળ જવાબદાર છે વન ખાતાના કેટલાક કર્મચારીઓ વન ખાતાના કર્મચારીઓ અને વીરપન્નોની મીલી ભગતના કારણે અરવલલી જીલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર અને મેઘરજ જેવા સેન્ટર પરથી દિવસે ને દિવસે વૃક્ષોનુ નિકંદન સરેઆમ થઈ રહયુ છે.

ત્યારે ગઈકાલે રાત્રીના સુમારે ધનસુરા પોલીસ સ્ટેશનની નજક આવેલ ફોરેસ્ટ ચોકી પરથી રાત્રીના સમયે લાકડા ભરેલ ટેમ્પો પસાર કરાવા માટે ધનસુરા બીટ ગાર્ડના ફોલ્ડર ધ્વારા ૩૫૦ રૂપીયાની લાંચ લેવાના કેસામાં અમદાવાદ એસીબીએ ગોઠવેલા છટકામાં આબાદ રીતે ઝડપાઈ ગયો હતો.

અરવલ્લી જિલ્લાની ધનસુરા ચેક પોસ્ટ પરથી પસાર કરી લાકડાનો વ્યવસાય કરતા કેતનભાઈ વણકર પાસેથી ચેકપોસ્ટ પસાર કરવા માટે જરૂરી ટ્રાન્જીસ્ટ પાસ કાઢી આપવા માટે ચેકપોસ્ટના બીટ ગાર્ડ પી. એલ. ડામોરના ફોલ્ડર અજયભાઈ વિઠ્ઠલભાઈ રાવલે ૩૫૦ રૂપિયાની લાંચ માંગી હતી. આ બાબતની ફરીયાદ અમદાવાદ એસીબીને કરતાં રાત્રે ૧૧.૧૫ વાગ્યાના સુમારે એસીબી પીઆઈ આર. એસ. શર્મા અને કે. ટી. કામરીયાની ટીમ ધ્વારા છટકુ ગોઠવતા આ છટકામાં ધનસુરા બીટ ગાર્ડનો ફોલ્ડર અજય રાવલ ૩૫૦ રૂ.ની લાંચ લેતા આબાદ રીતે ઝડપાઈ ગયો હતો. જયારે આ અંગે એસીબી પીઆઈ ધ્વારા ફોલ્ડર અને બીટગાર્ડ સામે લાંચ રૂશ્વતનો ગુનો નોધી ફોલ્ડરની ધરપકડ કરી બીટગાર્ડને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.



(સમીર બલોચ, મોડાસા)

## અમીરગઢ તાલુકામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી

પાલનપુર, તા.૧૨

અમીરગઢ તાલુકામાં ગુજરાત રાજયના માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણભાઈ વોરાની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેમાં અમીરગઢ તાલુકાના ખુણીયા, અમીરગઢ-૧, કરઝા, ભમરીયા, ભેદલા, અજાપુર મોટા, વાઘોરીયા, મનપુરીયા, ઢોલયા, છાપરફળી, ઘાંઘુ ગામની પ્રાથમિક શાળામાં ધોરણ-૧માં ૩૩૮ બાળકોને શાળા પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ બાળકોને દાંતા અમીરગઢના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી.ના ડીરેકટર વસંતભાઈ પી. ભટોળના સહયોગથી માનનીય મંત્રીશ્રી રમણભાઈ વોરાના હસ્તે અમીરગઢ તાલુકાના કુલ ૨૭ ગામના વિદ્યાર્થીઓને વિનામુલ્યે ગણવેશ અને બુટ મોજાં પુરા પાડવામાં આવ્યા છે.

## ઉનાવા નજીક ટ્રેક્ટરની ટક્કરે બાઈકચાલક યુવાનનું મોત

ઊંઝા, તા. ૧૨

ઊંઝા-મહેસાણા ફોરલેન હાઈવે પર ઉનાવા નજીક એક ટ્રેક્ટરે બાઈકને અડફેટે લેતાં બાઈક પર સવારબે યુવાનો પૈકી એકનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે એક યુવાનને ગંભીર ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે, વિસનગર તાલુકાના ભાંડુ ગામે ઠાકોર પરિવારમાં લગ્ન પ્રસંગ હોઈ ભરતજી વિહાજી ઠાકોર અને જીતેન્દ્ર ઈશ્વરજી ઠાકોર બંને યુવાનો કામ અર્થે બાઈક પર ભાંડુથી ઊંઝા જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં ઉનાવા નજીક કલ્પતરૂ પાસે સામેથી આવતા ટ્રેક્ટરે બાઈકને અડફેટે લેતા ભરતજી ઠાકોરનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે જીતેન્દ્ર ઠાકોરને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા.

લગ્ન પ્રસંગના કામે ઊંઝા જઈ રહેલ બે ઠાકોર યુવાનો પૈકી એક યુવાનનું કરૂણ મોત નિપજતા પરિવારમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ટ્રેક્ટર નં. જીજે-૮-એ-૪૭૭૭ ના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦